# વિશ્વયુદ્ધ તરફ રશિયા-યુક્રેન જંગ

સમાચારો ૭મા પાને

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫૦ ૪ માર્ચ, ૨૦૨૨, શુક્રવાર; ફાગણ સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાજ્યનું વેરા વિનાનું બજેટ

## ૬૬૮.૦૯ કરોડની પુરાંતવાળું બજેટ : પેટ્રોલ અને ડિઝલના ઊંચા ભાવ, મોંઘવારીમાં કોઈ રાહત નહીં : વ્યવસાય વેરામાં ફેરફારના કારણે રૂ.૧૦૮ કરોડની રાહત, રાજ્યની જીવાદોરી એવા નર્મદા પરિયોજના માટેના ખર્ચમાં ૧૭ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૩ ગુજરાત સરકારે વિધાનસભાનીચુંટણી પહેલાનું છેલ્લું બજેટ આજે ગૃહમાં રજુ કર્યું હતું. ગત વર્ષ કરતા બજેટમાં રાજ્યનો કુલ ખર્ચ સાત ટકા વધી રૂ.૨,૪૩,૯૬૫ કરોડ રાખવામાં આવી છે. વધુ એક નાણામંત્રીએ સદનમાં બજેટ રજુ કરતી વેળાને ખાધના બદલે પુરાંત હોવાનું દર્શાવવાની ઈચ્છા કોરાણે મૂકી નથી. બજેટમાં રૂ. ૬૬૮.૦૯ કરોડની પુરાંત દર્શાવાઈ છે. બજેટમાં નવા કરવેરા નાખવામાં આવ્યા નથી અને નથી એમાં પેટ્રોલ અને ડિઝલના ઊંચા ભાવ, મોંઘવારીમાં કોઈ રાહત મળે એવી જાહેરાત કરવામાં આવી નથી. માત્ર વ્યવસાય વેરામાં ફેરફારના કારણે રૂ.૧૦૮ કરોડની રાહત આપવામાં આવી છે. પ્રથમ વખત બજેટ રજુ કરતા નાણામંત્રી કનુ દેસાઈ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ માટે આ બજેટ એક પડકાર છે કારણ કેબજેટમાં એવી કોઈ જાહેરાત નથી કે જેમાં કોઈ મોટી રોજગારીનું સર્જન થાય, નથી એવી કોઈ વિચારધારા કે જેનાથી કોરોનાની મહામારી પછી ગુજરાત રાજ્યના અર્થતંત્રને થયેલું નુકસાન અટકે અને ગુજરાત ફરીથી દેશના સૌથી વિકસિત રાષ્ટ્ર તરીકે આગળ ધપે. આ બજેટમાં જે કોઈ જોગવાઈ કરવામાં આવી છે તેમાં આગળની સરકારો શરૂ કરેલી યોજનાઓને આગળ ધપાવવાની વાત છે.

ગત વર્ષની પરમ્પરા અનુસાર રાજ્ય સરકારના બજેટ ૨૦૨૦-૨૩ માં સૌથી વધુ નાણાકીય ફાળવણી શિક્ષણ, શહેરી વિકાસ અને ઉર્જા ક્ષેત્રને કરવામાં આવી છે. ગત વર્ષે પણ આ ત્રણ ક્ષેત્રોને સૌથી વધુ નાણા મળ્યા હતા.

રાજ્ય સરકારે જળસંપત્તિ, પાણી પુરવઠો, નર્મદા એમ દરેક ક્ષેત્રે નાણાની ફાળવણી કરી છે પણ રાજ્યમાં દર વર્ષે પાણીની સમસ્યા સર્જાય છે, રાજ્યનો ૬૭ ટકા ભાગ સતત પાણીની ખેંચ સાથે જીવે છે ત્યારે રાજ્યની જીવાદોરી એવા નર્મદા પરિયોજના માટેના ખર્ચમાં ૧૭ટકાનો ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. બજેટ ૨૦૨૧-૨૨માં નર્મદા માટે રૂ.૭૩૭૦ કરોડની ફાળવણી સામે આ વર્ષે ફાળવણી ઘટી રૂ.૬૦૯૦ કરોડ કરવામાં આવી છે. આ અંગે રાજ્ય સરકારે કોઈ સ્પષ્ટતા બજેટમાં કરી નથી. આઉપરાંત, જળસંપત્તિ માટેની ફાળવણી પણ ત્રણ ટકા ઘટાડી છે. જોકે, પાણી પુરવઠા માટેની જોગવાઈ ૩૭ ટકા વધારી રૂ.૫,૪૫૧ કરવામાં આવી છે. એવું બની શકે કે અન્ય ચીજોમાં ઘટાડો કરી તેનો ઉપયોગ હવે પાણી પુરવઠા વિભાગમાં કરવામાં આવશે.



### ૧૨,૦૦૦ સુધીના માસિક પગાર પર પ્રોફેન્શલ ટેક્સમાંથી મુક્તિ

- ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારે આજે રજૂ કરેલ અંદાજપત્રમાં ૨૦૨૨-૨૩ માટે નાના કર્મચારીવર્ગને રાહત આપી છે. સરકારે પ્રોફેશનલ ટેક્સમાંથી માફી આપવાની જાહેરાત કરી છે.
- નાણામંત્રી કનુ દેસાઈએ બજેટ સ્પીચના અંતે કહ્યું કે કરવેરાના વર્તમાન માળખામાં કોઈપણ ફેરફાર નહિ કરવામાં આવે અને સામાન્ય જનમાનસના શિરે નવા કોઈપણ કરવેરાની જાહેરાત પણ નહિ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.
- જોકે સામાન્ય પગારદારોને રાહત આપતા સરકારે ૧૨,૦૦૦ સુધીના માસિક પગાર પર પ્રોફેન્શલ ટેક્સમાંથી મુક્તિ આપી છે. ૧૫ લાખ કરદાતાઓને આ રાહત મળશે.
- પ્રોફેશનલ ટેક્સ નાબૂદ કરાતા સરકારે ૧૯૮ કરોડની આવક જતી કરવી પડશે તેમ પણ તેમણે ઉમેર્યું હતુ.

- આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૨,૨૪૦ કરોડની જોગવાઈ
- કિશોરીઓ તેમજ મહિલાઓને માસિકધર્મ અંગે જાગૃતિ લાવવા અને સેનેટરીપેડ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા ૪૫ કરોડની બજેટમાં ફાળવણી
- લોકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા મળી રહે તે સરકારની પ્રાથમિકતા
- ૪૩ લાખ છાત્રોની શિષ્યવૃત્તીમાં દરેક સ્તરે રૂપિયાર૫૦નો વધારો
- અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે ૩૦૦ રૂપિયાનો વધારો કરાયો
- કમલમના વાવેતર વિસ્તારમાં વધારા માટે ૧૦ કરોડની જોગવાઈ
- મધ ક્રાંતિને વેગ આપવા રાજ્યના ૧૦ હજાર ખેડૂતોને મધ ઉત્પાદનમાં જોડવા ૧૦ કરોડની જોગવાઇ કરાઈ
- કચ્છમાં મોટા ચેકડેમો, હાઈડ્રોલીક સ્ટ્રક્ચરો બનશે

